# ઠોસ કદમ ઉઠાવો

## ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ દ્વારા એક પ્રવચન

### શનિવાર, ૩૧ ઑક્ટોબર, ૨૦૨૦

શનિવાર, ૩૧ ઓક્ટોબર ૨૦૨૦ ના દિવસે બાબા મુક્તાનંદની મહાસમાધિની ૩૮મી પુણ્યતિથિના સન્માનમાં, શ્રીગુરુમાઈ સાથે સિદ્ધયોગ મહોત્સવ સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન દ્વારા નિર્મિત આ સત્સંગનું જીવંત વિડીઓ પ્રસારણ, શ્રી મુક્તાનંદ આશ્રમમાં સ્થિત ભગવાન નિત્યાનંદ મંદિરમાંથી કરવામાં આવ્યું હતું.

આ સત્સંગનું શીર્ષક હતું, ''દિવ્ય વિશ્રાંતિના લોકમાં વાસ કરો.'' ગુરુમાઈજીએ પહેલાં આ શીર્ષક વર્ષ ૨૦૨૦ની સિદ્ધયોગ શક્તિપાત ધ્યાનશિબિર માટે આપ્યું હતું. પરંતુ, મહામારીના કારણે આ વર્ષે શક્તિપાત ધ્યાનશિબિરનું આયોજન નથી કરવામાં આવ્યું, તેથી ગુરુમાઈજીએ કહ્યું કે આ સત્સંગનું શીર્ષક એ રાખો.

સત્સંગની શરૂઆત, ''બાબાજીને શ્રદ્ધાંજલિ'' વિડીઓથી થઈ અને પછી સિદ્ધયોગ વૈશ્વિક હૉલમાં દરેક વ્યક્તિએ બાબા મુક્તાનંદના પરમપ્રિય શ્રીગુરુ, ભગવાન નિત્યાનંદની આરતી કરી. ત્યારબાદ સ્વામી ઈશ્વરાનંદે, બાબાજીના જીવન અને ધરોહર વિશે તેમજ વિશ્વભરમાં હજારો જિજ્ઞાસુઓની અંદર બાબાજીએ જે જ્યોત જગાવી છે તેના વિશે જણાવ્યું.

આપણે ગુરુમાઈજી સાથે શ્રીગુરુગીતાનો પાઠ કર્યો અને યમન કલ્યાણ રાગમાં 'ૐ નમઃ શિવાય'નું નામસંકીર્તન કર્યું. ગુરુમાઈજીએ ઘણીવાર એ કહ્યું છે કે આ નામસંકીર્તન બાબાજીના સમયથી બાળકોનું સૌથી પ્રિય રહ્યું છે.

પાઠ પછી, શ્રીગુરુમાઈએ આ પ્રવચન આપ્યું.

~ ઈશા સરદેસાઈ

બાબા મુક્તાનંદની મહાસમાધિ—૩૮મી પુણ્યતિથિ. આ અવસરના સન્માનમાં, તમે શ્રીગુરુગીતાનો અભ્યાસ કર્યો. તમારું ગાયન ખૂબ જ મધુર હતું. તે તમારી ભક્તિથી મધુર થઈ ગયું હતું. ભગવાન નિત્યાનંદની પૂજા-અર્ચનામાં મારી મદદ કરી રહેલા નાના રોહિતની ભક્તિની જેમ જ તમારું ગાયન મધુર હતું.

તમે અહીં છો તો ખુશ છો ને? તમે ત્યાં છો તો ખુશ છો ને? તમે સિદ્ધયોગ વૈશ્વિક હૉલમાં જ્યાં જ્યાં છો, ત્યાં ખુશ છો ને?

ઉપનિષદોમાં, ઋષિમુનિઓ પરમ આત્મા વિશે કહે છે. આત્મા આંખો વિના જુએ છે. આત્મા કાન વિના સાંભળે છે. આત્મા નાક વિના સૂંઘે છે. આત્મા જીહ્વા વિના ચાખે છે. આત્મા કોઈ પદાર્થ વિના સ્પર્શને મહસૂસ કરે છે. હું એ જરૂર કહીશ કે મહામારીના આ મુશ્કેલ સમયમાં ઋષિમુનિઓની શિખામણો મારા માટે ઘણી વધારે જીવંત થઈ ગઈ છે.

આખા સંસાર માટે લોકડાઉન એ બહુ મોટી ચિંતાનું કારણ છે અને તે વાત સમજી શકાય એવી છે.

મને યાદ છે, ભારતમાં મોટા થવાનું અને ગુરુદેવ સિદ્ધપીઠમાં જવાનું. એકવાર જ્યારે અમે આશ્રમમાં હોઈએ તો અમે આશ્રમમાં જ રહેતા. કારણકે અમારું ધ્યાન સેવા કરવામાં કેન્દ્રિત રહેતું, એટલે અમે આશ્રમભૂમિને છોડીને બહાર જ નહોતાં નીકળતાં. પરંતુ તે અમને ક્યારેય લોકડાઉન જેવું નહોતું લાગતું. અમને તો બસ એટલી જ ખબર હતી કે અમે આશ્રમમાં રહેવાં માંગીએ છીએ—અને અમે આશ્રમમાં *હતાં*! જ્યાંસુધી અમે ત્યાં રહેતાં, બીજું કંઈ પણ મહત્ત્વનું નહોતું.

એટલા માટે, લોકડાઉનનો આ સમય એવો લાગી રહ્યો છે જાણે આપણે એક આધ્યાત્મિક વાતાવરણમાં હોઈએ. હું એવું નથી કહી રહી કે દરેક વસ્તુને ''બહુ ભારે'' તત્ત્વજ્ઞાન બનાવીને બેજવાબદાર બની જાઓ. અત્યારે, આ સમયે જે ઘટિત થઈ રહ્યું છે તેને તત્ત્વજ્ઞાનમાં બદલવાની વાત નથી. પરંતુ, દાર્શનિકતાનું સાચું જ્ઞાન—તાત્ત્વિક પ્રજ્ઞાન હોવું—ખરેખર મદદ કરે છે. તેને એક આદત બનાવી લો કે જ્યારે પણ કંઈ થાય તો તમે તેને જ્ઞાન, પ્રજ્ઞાન અને શાસ્ત્રોની શિખામણોના લેન્સથી જુઓ.

અપ્રત્યાશિત પરિવર્તનના તોફાની પવનથી પ્રભાવિત થવું બહુ સહેલું છે. જ્યારે તમે દબાણ હેઠળ હોવ ત્યારે તમારી શક્તિનો ત્યાગ કરી દેવો બહુ સહેલો છે. ભયના ભાવ પર નિર્ભર થઈ જવું બહુ સહેલું છે. વાતે વાતે ભય તરફ વળવું સહેલું છે. ''હું ભયભીત છું. હું ડરેલો છું. મને બીક લાગે છે. હું ગભરાયેલો છું. હું આતંકિત છું. હું જડવત્ થઈ ગયો છું. હું ડરથી ધ્રુજી રહ્યો છું.''

એકવાર જો તમે ભયના લોકમાં જાઓ છો, તો પછી તમને શું લાગે છે કે તમને ત્યાંથી બહાર કોણ ખેંચશે? શું તમને ખબર નથી? તમે તે છો જેની તમે રચના કરો છો. તમે તે છો જે તમે કરો છો. તેથી જ, સાધનાનાં ફળને સાધ્ય કરવા માટે હજી વધારે પ્રયત્નો કરવા એ ઘણું સારું છે. કારણકે એકવાર જ્યારે તમે સ્વયંને એ સ્થાનમાં પામી લો, જ્યાં તમે તમારી સારપનો અનુભવ કરો છો, જ્યાં તમારા સદ્‌ગુણોનો વાસ છે—ત્યારે તમે જોશો કે કેવી

રીતે દરેક વ્યક્તિ તમારી પાસે આવે છે, કારણકે તેઓ જાણે છે કે કંઈક એવું છે જે તમારા માટે લાભકારક નીવડ્યું છે. તમારી પાસે કંઈક એવું ઉત્તમ છે જે તેમને નવી સ્ફૂર્તિથી ભરી દેશે.

યાદ રાખો : જો તમે ભયના લોકમાં જશો તો કોઈપણ તમારી આસપાસ રહેવા નથી માગતું. બધાં તમને એકલા છોડી દેશે. આવા પ્રકારની એકલતા એ આરામદાયી એકાંત નથી જેના વિશે ભારતીય શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે. આ એકલતા ભમરીના માળા જેવી છે—કોઈપણ તેને હાથ લગાવવા માગતું નથી.

પરંતુ, જો તમે સ્વયંને એવા જ્ઞાનથી સુશોભિત કરો છો જે તમને ઉપર ઉઠાવે છે, તો પછી તમે એક વૈકુંઠનું નિર્માણ કરો છો અને દરેક વ્યક્તિ *તમારા* વૈકુંઠમાં આવીને વિચરણ કરવા માગે છે. શું તે સાચું નથી? કોણ નરકમાં જવા માગે છે? મને નથી લાગતું કે કોઈપણ ત્યાં જવા માગતું હોય. જ્યારે લોકો ગુસ્સે થાય છે, ત્યારે કદાચ તેઓ તમને કહે, ‘‘નરકમાં જા,’’ પણ તમે સ્વયંને કહો છો, ‘‘હું એક વધારે સારી જગ્યા જાણું છું.’’

આપણે એક મુશ્કેલ સમયમાં છીએ અને એવું લાગે છે કે આ અવધિ વધતી જ જાય છે. જે કોઈપણ સમાચાર વાંચે છે તેને ખબર હશે કે મુશ્કેલીનો આ સમય સતત લંબાતો જાય છે. તે વીઝાનો સમય વધારવા જેવું છે. માત્ર એક વાઈરસ જ છે જે સરકારના કાયદાઓની પરે છે. કોઈપણ આ વાઈરસને નષ્ટ કરી શક્યું નથી. તે એટલો ભાગેડું છે કે સૌથી સુજ્ઞ અને સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિકોની નિપુણતાને પડકારી રહ્યો છે. તે મનુષ્યો સાથે રમી રહ્યો છે, જાણે આંખ મારીને આપણને કહી રહ્યો હોય, ‘‘હું કોઈ મૂર્ખ નથી.’’

તો બની શકે તમે પૂછો કે આ વાઈરસના ‘‘વીઝાનો સમય’’ કોણે વધાર્યો? આવો, આપણે આના વિશે વિચારીએ. હંડડડ. આ શોધ કરવા માટે આપણને કેટલો સમય લાગશે? તે *કોણ* હોઈ શકે? હાથી? વ્હેલ માછલી? જિરાફ? હિપપૉટમસ? ડાઈનસૉર?

તો ચાલો, આપણે આપણા હાથમાં એક અરીસો લઈએ અને તેમાં જોઈએ. એ આપણે છીએ! એ આ પૃથ્વી ગ્રહનાં લોકો છે. એ માનવજાતિ છે જેણે આ રોગને બેકાબૂ કરીને ઝડપથી ફેલાવા દીધો છે—એ લોકો જેઓ વિચારે છે કે તેઓ ખૂબ જ હોશિયાર છે, જેઓ વિચારે છે કે તેમને ખબર છે કે તેઓ શું કરી રહ્યાં છે, જેઓ વિચારે છે કે તેમને વૈજ્ઞાનિકોની જરૂર નથી, જેઓ વિચારે છે કે તેમણે તેની રગ પકડી લીધી છે, અને એ લોકો જેઓ વિચારે છે કે તેમને પરવા નથી.

તો શું આ જ એ લોકો નથી જેઓ આ વાઈરસને ફેલાવી રહ્યાં છે અને વીઝા વધારતા જાય છે, વધારતા જાય છે, વધારતા જ જાય છે? *વીઝા. વાઈરસ. વિજય.* એ વિચારવા જેવી વાત છે કે કેવી રીતે આ બધાં જ શબ્દો એક જ રીતે શરૂ થાય છે.

આ વાઈરસ પર વિજય કેવી રીતે પ્રાપ્ત કરી શકાય? તે દરેક વ્યક્તિ પર નિર્ભર છે. ઇતિહાસ કહે છે કે મહામારીનો અંત ક્યારે આવશે તેનો નિર્ણય લોકો કરે છે.

મેં મહામારી સાથે જોડાયેલા થાક વિશે પણ સાંભળ્યું છે. તે રસપ્રદ છે : લોકો મહામારી સાથે જોડાયેલા થાક વિશે વાત કરી રહ્યાં છે. તેઓ મહામારી સાથે જોડાયેલી નિરાશા વિશે વાત કરી રહ્યાં છે. તેઓ મહામારીને કારણે ગુમાવેલા જીવન વિશે વાત કરી રહ્યાં છે. તેઓ મહામારીને કારણે ગુમાવેલી નોકરીઓ વિશે વાત કરી રહ્યાં છે અને તેઓ હતાશા મહસૂસ કરી રહ્યાં છે. હું જોવા ઇચ્છું છું કે પોતાના હાથ ઊંચા કરી દેવાને બદલે, લોકો કંઈ સકારાત્મક કરે—તેઓ આ અનિષ્ટકારી વાઈરસના પ્રભાવ અને પરિણામો પર વિજય પ્રાપ્ત કરવા માટે નાના-નાના કદમ ઉઠાવે.

જ્યારે પણ તમે વૈજ્ઞાનિકો અને વિશેષજ્ઞોને સાંભળો છો, તો તેઓ કહે છે, ‘‘હજી પણ આ વાઈરસ વિશે એવું ઘણું છે જે અમે નથી જાણતા.’’ જ્યારે વિશેષજ્ઞો આવું કહે છે, તો આપણે હજી વધારે સતર્ક રહેવાની જરૂર છે. તે એવું છે જાણે, જ્યારે બાળપણમાં તમારા માતાપિતા તમને કહે છે કે *તેઓ* કોઈ વિષયમાં નથી જાણતા—ત્યારે તમારે થોડા સાવધાન રહેવાની જરૂર પડે છે. જો તમારા માતાપિતા કોઈ વિષયમાં નથી જાણતા, તો પ્રાયઃ તેનો અર્થ છે કે તમારે એ વસ્તુ ન કરવી જોઈએ. હા, એકવાર વયસ્ક થઈ ગયા પછી તમે જાણી લેશો કે તમારે શું કરવાનું છે. પરંતુ અત્યારે હું તમારા બાળપણની વાત કરી રહી છું. અને આ બાબતમાં, આપણાંમાંથી જેઓ વૈજ્ઞાનિક કે વિશેષજ્ઞ નથી, તેઓ આ લોકોની ચેતવણીની અવગણના ન કરી શકે.

જો કોઈ ખાસ વિષયના વિશેષજ્ઞ સંકટના સમયે આપણને કંઈક કહે, તો તેમની સલાહને સાંભળવી અત્યંત મહત્ત્વપૂર્ણ છે. સુરક્ષિત બની રહેવા અને લોકડાઉનમાં હોવાના કારણે પગ પટકવાને અને બૂમાબૂમ કરવાને બદલે, આને *તમારો* સમય માનો. જો તમે એવું મહેસૂસ કરવા લાગો કે તમે પાગલ થઈ જશો, તો વિચારો, ઉદાહરણ તરીકે, તમે તમારાં બાળકોને આ પરિસ્થિતિનો સામનો કરવાનું કેવી રીતે શીખવશો. ભલે કંઈ પણ થઈ રહ્યું હોય, તમારી પાસે કારણ છે ખુશ દેખાવાનું, ખુશ રહેવાનું અને ખુશીનું નિર્માણ કરવાનું—કારણકે તમે જાણો છો કે તમારું બાળક તમારી તરફ જોઈ રહ્યું છે, એ આશા સાથે કે તમે તેમને એ આપશો જે સર્વશ્રેષ્ઠ છે. એ જ રીતે, જો બાકીનો સંસાર પોતાને આ સમસ્યામાં ઘેરાયેલો જુએ, તો તમારે તમારા જ્ઞાન, તમારા પ્રજ્ઞાન સુધી પહોંચવું જરૂરી છે. તમે તે કરી શકો છો.

વાસ્તવમાં, આ વર્ષે માર્ચ મહિનાથી, શ્રી મુક્તાનંદ આશ્રમમાં સંપૂર્ણ લોકડાઉન ચાલી રહ્યું છે. તમારા પોતાના જીવનમાં જ્યારે યોગ્ય વ્યક્તિ જવાબદારી લે છે, તો તમે તેને સફળ બનાવી શકો છો. તમે તેને દાર્શનિક રીતે કેમ નથી જોતાં? જો તમે આ શિખામણ પર વિશ્વાસ કર્યો હોય, *જે થાય છે તે ભલા માટે થાય છે* તો પછી સ્વયંને પૂછો : એ પરિણામને સુનિશ્ચિત કરવા માટે મારો ધર્મ શું છે?

શું તમે પોતાના તરફ અને તમારાં કર્મો તરફ ઊંડાણથી જોવા નહીં માગો? શું તમે પોતાના પર નજર નાખવા નહીં માગો? તમે તમારા હૃદયના માર્ગ પર કયા અવરોધો મૂક્યા છે? જો તમે એ વિચારતા હો કે તમે તમારા હૃદય સુધી નથી પહોંચી શકતા, તોપણ તમે સ્વયંને એ અવરોધો દૂર કરવામાં વ્યસ્ત રાખી શકો છો જેને તમે તમારા હૃદયના માર્ગ પર મૂક્યા છે. સાચું કહું તો તમારા હૃદયમાં પ્રવેશ કરવો મુશ્કેલ નથી. તમે જે સમસ્યાઓ અને પરિસ્થિતિઓનું નિર્માણ કર્યું છે તેને કારણે એ કરવું મુશ્કેલ છે. તેથી, જેવી રીતે તમે આશ્રમના, તમારા ઘરના અને

તમારી ઓફિસના માર્ગને સાફ કરો છો, તેવી જ રીતે તમારા હૃદયના માર્ગને સાફ કરો. આ એક પ્રસિદ્ધ ચિત્રકારની એ વાર્તા જેવું છે જેને હું સત્સંગમાં ઘણીવાર કહેતી હતી. તેઓ ચિત્રકારી નહોતા કરતા—તેઓ તો બસ અરીસાને સાફ કરી દેતા, કારણકે સૌંદર્ય તેમની ચારેબાજુ પહેલાંથી જ ઉપસ્થિત હતું. બસ એ સૌંદર્યને પ્રતિબિંબિત થવાની જરૂર હતી.

શું તમે સ્વયંને તમારા આંતરિક સૌંદર્યનો, તમારી આંતરિક ખુશીનો અનુભવ કરવાનું વચન આપશો? ઉદાસીનતા—ઉદાસીનતાથી ડરો નહીં. અપ્રસન્નતા—અપ્રસન્નતાથી ડરો નહીં. તેના પર સવાર થઈને બહાર નીકળો. દરિયા કિનારા પર કેટલી લહેરો અથડાય છે? લહેરો પર સવારી કરનારાં જાણે છે કે કઈ લહેર સવારી કરવા માટે સૌથી શ્રેષ્ઠ હશે. એ જ રીતે, તમારી અંદર પણ ઘણી બધી ભાવનાઓ ઊઠી શકે. પરંતુ, તેમાં એક ભાવના એવી હશે જેનું અનુસરણ કરવાનું છે—તેના પર *સવારી કરો*. તમારી ભાવનાઓ સાથે જોખમ ઉઠાવો. ખુશીની એ લહેર પર સવારી કરો અને ખુશીની રચના કરો, સ્વાસ્થ્યની રચના કરો, સુંદરતાની રચના કરો, ચમત્કારોની રચના કરો.

આ રસપ્રદ વાત છે, હે ને? તમે ચમત્કારોની રચના કેવી રીતે કરો છો? તેના વિશે વિચારો. જો તમે સ્વયંને તમારા અંતરના યોગ્ય સ્થાનમાં પામી લો તો ચમત્કાર થાય છે—બસ આમ જ.

આજે, સિદ્ધયોગ વૈશ્વિક હૉલમાં, એસ.વાય.ડી.એ ફાઉન્ડેશન દ્વારા પ્રાયોજિત આ જીવંત વિડીઓ પ્રસારણમાં, શ્રીગુરુગીતાનો પાઠ કેટલો મધુર સંભળાઈ રહ્યો હતો. ખરેખર, કેટલો લહેજતદાર. જ્યારે હું શ્રીગુરુગીતાનો પાઠ કરી રહી હતી, ત્યારે એ ક્ષણે હું નવી-નવી રીતે ગાવા માગતી હતી. જ્યારે પણ હું અનુભવ કરું છું કે કંઈક સુંદર છે, કંઈક પ્રવાહમાં છે, કંઈક ઉત્કૃષ્ટ છે—ત્યારે બસ હું એ ક્ષણે કંઈક નવું રચવા માગું છું, હું બસ ગાવા માગું છું. તો તેનાથી મને ખબર પડી કે આજે આપણી શ્રીગુરુગીતાના પાઠનો બડે બાબાએ સ્વીકાર કર્યો, અને એ પણ કે બાબા મુક્તાનંદ બહુ પ્રસન્ન છે. જય જય.

એ યાદ રાખવા માટે ધન્યવાદ કે પૂર્ણિમા ક્યારે છે. હા, તે આજે છે! અને કેટલાંક દેશોમાં આજે 'ડે લાઈટ સેવિંગ્સ' એટલે કે દિવસના પ્રકાશને વાપરવા એક કલાક પાછળ જવાનો દિવસ છે. અમેરિકામાં, આજે 'હેલોઈન' પણ છે. આ એવો દિવસ ગણાતો હતો જ્યારે વડીલો પ્રકાશનું આલિંગન કરતાં અને હવે બાળકો કેન્ડિના રૂપમાં પ્રકાશનું આલિંગન કરે છે. કેટલું મધુર!

આપણે શ્રીગુરુગીતાના રૂપમાં આપણી મીઠાઈ ખાધી, અને હવે આપણે એ મધુરતાને કેન્ડિના રૂપમાં આપણાં બાળકો સાથે વહેંચવા માટે તૈયાર છીએ. બાળકોનું સ્મિત મધુર હોય છે. તેમનો અવાજ મધુર હોય છે. મને ખુશી છે કે રોહિતના માતાપિતાએ શ્રી મુક્તાનંદ આશ્રમમાં સેવા અર્પણ કરવાનો નિર્ણય લીધો અને રોહિતનો ઉછેર આશ્રમમાં થઈ રહ્યો છે. મને તેનો અવાજ સાંભળવો બહુ જ ગમે છે.

હું હંમેશાં બાળકોને કહું છું, ''તમારા અવાજને હંમેશાં આવો જ રાખજો.'' તેઓ મારી વાત ક્યારેય નથી માનતા. ક્યારેય નહીં. તેઓ બાર વર્ષના થાય છે, તેર વર્ષના થાય છે, ચૌદ વર્ષના થાય છે અને તેમનો અવાજ બદલાઈ જાય છે. એટલું જ નહીં, પણ પછી તેઓ આ સંસારથી મોહિત થઈ જાય છે અને સંસાર તેમનાથી મોહિત થઈ જાય

છે—અને પછી, આખરે, કેટલાંય લાંબા વર્ષો પછી એક એવો સમય આવે છે જ્યારે તેઓ શોધતાં આવે છે. અને મહાન આત્માઓ કહે છે : ''મારા બાળક, તું પાછો આવી ગયો છે.''

જો તમારી આસપાસ બાળકો હોય, તો કૃપયા તેમની સાથે રમવા માટે અને તેમને શિક્ષિત કરવા માટે તમારો સમય આપો. તેમની સાથે રહેવાનો આનંદ ઉઠાવો. તેઓ આપણી સાથે રહેવાનો ખૂબ આનંદ ઉઠાવે છે. તેમને એ જણાવો કે તમને તેમની સાથે રહેવું કેટલું પ્રિય છે. જ્યારે તમે બાળકોને થોડો પ્રેમ આપો છો, તો તેમના માટે તે ઘણો છે. એ તો વયસ્કો જ છે જેમને તમે ભલે ગમે તેટલો પ્રેમ આપો, તેઓ હજી વધારે, હજી વધારે, હજી વધારે ઇચ્છે છે. પણ બાળક માટે, પ્રેમનું એક ટીપું પણ તેને એક સૌથી સુંદર વ્યક્તિ બનાવવામાં મદદરૂપ હોય છે. તેથી, તમારાં બાળકો સાથે રહેવા માટે, બીજાંનાં બાળકો સાથે રહેવા માટે સમય કાઢો. જો તમારી આસપાસ બાળકો ન હોય, ખાસ કરીને લોકડાઉનના આ સમયે, તો તેમના વિશે વિચારો. એ બાળકો વિશે વિચારો જેને તમે જાણો છો. એ બાળકો વિશે વિચારો જેના વિશે તમે જાણશો. એ બાળકો વિશે વિચારો જેને તમે જન્મ આપશો. આખા સંસારનાં બાળકો વિશે વિચારો.

હમણાં એક દિવસ રોહિત અને હું બડે બાબાની પાદુકાઓની પૂજા કરી રહ્યાં હતાં. જ્યારે તે પાદુકા પર ચોખા વરસાવી રહ્યો હતો, ત્યારે મેં તેને કહ્યું, ''તું ચોખા ચઢાવે તેની પહેલાં, બડે બાબાને કહે, *'બડે બાબા, હું ઇચ્છું છું કે આ સંસારમાં જેટલાં પણ બાળકો ભૂખ્યાં છે, એ બધાં પાસે ખાવાનું હોય.'* '' અને પછી, આજે જ્યારે અમે ફરીથી પાદુકાની પૂજા કરી રહ્યાં હતાં અને રોહિત ચાંદીની પાદુકા પર ચોખા ચઢાવી રહ્યો હતો, ત્યારે તે વારંવાર કહી રહ્યો હતો, ''આ ધ્વનિ કેટલો સુંદર છે.'' તે એ ધ્વનિની વાત કરી રહ્યો હતો જે પાદુકાઓ પર ચોખાના સ્પર્શથી આવી રહ્યો હતો.

બડે બાબાને બાળકો બહુ *પ્રિય હતા.* જો તમે બાળકો માટે પ્રાર્થના કરવા માંગતા હોવ તો પ્રાર્થના કરવા માટે બડે બાબા સર્વોત્તમ ઇષ્ટ છે, મહાનતમ ગુરુ છે કારણકે બધાં બાળકો માટે તેમનો પ્રેમ અપાર હતો.

જો તમે બાળકોને મદદ કરવા ઇચ્છતા હો, તો તમે તેમને જુદીજુદી ચેરિટેબલ સંસ્થાઓ દ્વારા મદદ કરી શકો છો જે બાળકોનું ધ્યાન રાખે છે. જો તમારી પાસે વધારાનાં રમકડાં હોય, તો તમે તેને બાળકોને આપવાનો કોઈ ઉપાય શોધી શકો છો. અને જો તમે બાળકોને ક્યાંય પણ ફસાયેલાં જુઓ, જો તમે તેમનો ફોટો અથવા વિડીઓ જુઓ અથવા તેમનાં વિશે સાંભળો, તો એક ક્ષણ લઈને તેમને તમારા પ્રેમનાં આંસુ, તમારી પ્રચુરતાનાં આંસુ, તમારી મધુરતાનાં આંસુ અર્પિત કરો. મેં મારા આખા જીવન દરમ્યાન આમ કર્યું છે અને હજી પણ કરી રહી છું. હાલમાં થોડા દિવસ પહેલાં, મેં ટેક્સસ શહેરમાં નદીની પાસે ફસાયેલાં અસહાય બાળકોનાં ફોટા અને વિડીઓ જોયાં—અને હા, મેં તેમનાં માટે પ્રાર્થના કરી, મેં તેમનાં માટે ધ્યાન કર્યું.

જો તમે ભૌતિકરૂપે કંઈ ન કરી શકો, તો એ સુનિશ્ચિત કરો કે તમારો સંકલ્પ દૃઢ હોય. તમારા સંકલ્પ દ્વારા બાળકોની મદદ કરો. જે પણ સાધનો ઉપલબ્ધ હોય, તેના દ્વારા બાળકોની મદદ કરો. યાદ રાખો કે બાળકો આ પૃથ્વી ગ્રહનું ભવિષ્ય છે.

જો તમે ઇચ્છો છો કે તમારો દેશ બચી જાય, તો તમારે કદમ ઉઠાવવા પડશે. માત્ર સમાચાર વાંચવાથી અને તેના વિશે વાતો કરવાથી ખરેખર કંઈ મદદ નહીં થાય. તમારે પરિસ્થિતિને સુધારવા માટે ઠોસ કદમ ઉઠાવવા જ પડશે. ઠોસ કદમ ઉઠાવો. ઠોસ કદમ ઉઠાવો. ભોજન, કપડાં અને ઘર બધાં માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

અને હવે ફરી એકવાર આપણે 'ૐ નમઃ શિવાય'ના ત્રણ આવર્તન ગાઈશું અને પછી 'સદ્‌ગુરુનાથ મહારાજ કી જય' બોલીશું! આ ક્ષણ અદ્‌ભુતરૂપે અમૂલ્ય છે. તો તમારો સંકલ્પ બનાવો. મેં હમણાં જેના વિશે વાત કરી તેના આધાર પર તમારો સંકલ્પ બનાવો. સંકલ્પ સાથે નામસંકીર્તન કરો.

© ૨૦૨૦ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.